# PM's departure statement ahead of his visit to Bangladesh

March 25, 2021

---

# બાંગ્લાદેશની મુલાકાતે રવાના થતા અગાઉ વડાપ્રધાનનું નિવેદન

માર્ચ 25, 2021

મહામહિમ વડાપ્રધાન શેખ હસીનાના આમંત્રણને માન આપીને હું 26-27 માર્ચ 2021 દરમિયાન બાંગ્લાદેશની મુલાકાત લઈશ.

મને એ વાતનો આનંદ છે કે કોવિડ-19 મહામારીની શરૂઆત પછી મારી પ્રથમ વિદેશયાત્રા આપણા મિત્ર અને પડોશી દેશની રહેશે જેની સાથે ભારત ગાઢ સાંસ્કૃતિક, ભાષાકીય અને લોકો મારફત જોડાણ ધરાવે છે.

હું આવતીકાલે નેશનલ ડેની ઉજવણીમાં ભાગ લઈ રહ્યો છું જે બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા બંગબંધુ શેખ મુજીબુર રહેમાનની જન્મ શતાબ્દિની પણ ઉજવણી છે. બંગબંધુ ગઈ સદીના સૌથી વિરાટ નેતાઓ પૈકી એક હતા જેમનું જીવન અને વિચારો કરોડો લોકોને પ્રોત્સાહિત કરતું રહે છે. હું તુંગીપરા ખાતે બંગબંધુની સમાધિની મુલાકાત લેવાનો છું જ્યાં હું તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરીશ.

હું પ્રાચીન જશોરેશ્વરી કાલિ મંદિરે દેવી કાલિના પણ દર્શન કરવા જઈશ જે પૌરાણિક પરંપરા મુજબ 51 શક્તિપીઠ પૈકી એક છે.

હું ખાસ કરીને ઓરાકાંડી ખાતે માટુઆ સમુદાયના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવા માટે ઉત્સુક છું જ્યાંથી શ્રી શ્રી હરિશ્ચંદ્ર ઠાકુરજીએ પોતાનો પવિત્ર સંદેશ આપ્યો હતો.

હું વડાપ્રધાન શેખ હસીના સાથે મહત્ત્વની ચર્ચા કરીશ જેમની સાથે ગયા વર્ષે ડિસેમ્બરમાં બહુ ફળદાયી વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી. હું મહામહીમ રાષ્ટ્રપતિ અબ્દુલ હમીદ સાથે પણ બેઠક યોજીશ અને બાંગ્લાદેશના અન્ય પદાધિકારીઓ સાથે વાતચીત કરીશ.

મારી મુલાકાત માત્ર વડાપ્રધાન શેખ હસીનાના દીર્ઘદૃષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ બાંગ્લાદેશે જે આર્થિક અને વિકાસને લગતી પ્રગતિ કરી છે તેને બિરદાવવા માટે નહીં, પરંતુ આ સિદ્ધિઓ માટે ભારતના ટેકાની

પ્રતિબદ્ધતા વ્યક્ત કરવા માટે પણ છે. હું કોવિડ-19 વિરુદ્ધ લડાઈમાં બાંગ્લાદેશને ભારતના ટેકા અને સહકારની પણ ખાતરી આપું છું.

**નવી દિલ્હી**
**માર્ચ 25, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.